Saarth E-Journal

# Saarth E-Journal of Research

E-mail : sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO : 2395-339X
Peer Reviewed
Vol.8 No 12

Impact Factor
Quarterly
July-Aug-Sep 2023

## "પશુપાલન વ્યવસાયમાં મહિલાઓની ભાગીદારી"

**માંકણોજીયા આરીફભાઈ વી.**

**પ્રસ્તાવના**

ભારત દેશ ગામડાઓનો બનેલો દેશ છે. આથી દેશનો મુખ્ય વ્યવસાય ખેતી છે. આથી ગામડામાં ૭૦% લોકો રહે છે. બાકીના ૩૦% લોકો શહેરમાં રહે છે. આપને જાણીએ છીએ કે ખેતી સાથે બીજો પુરક વ્યવસાય પશુપાલન એકબીજાનો પુરક છે. ભારત ખેતીપ્રધાન દેશ હોવા છતાં દેશમાં પૌરાણિક સમયથી પશુપાલનની પરંપરા હોય છે. શ્રીકૃષ્ણએ બાળપણમાં યમુના કિનારે તેમની મધુર વાંસળીના સુરે ગાયો એકથી કરી. આપણા દેશમાં ગૌશાળાઓનો બહુ જ સમ્માનીય ઈતિહાસ ગણવામાં આવે છે. ભારત દેશની મુખ્ય અર્થવ્યવસ્થા કૃષિ અને પશુપાલન પર આધારિત છે. જેથી દેશનાં લોકો ખેતી સાથે પશુપાલન કરીને ગામડાનાં લોકો ગુજરાન ચલાવે છે. પશુપાલન ગામડાનો ઘણો મોટો નોંધપાત્ર ફાળો રહેલો છે. ગામડાનાં ઘણાં લોકો ખેતી કરતા પશુપાલનની આવક બમણી હોય છે. આથી સ્ત્રીઓ ઘરકામની સાથે સાથે પશુપાલનનું કાર્ય કરી આવકમાં ખુબ જ વધારે કરીને પોતાનું કુટુંબનું ગુજરાન ચલાવે છે. આથી દેશની ૬૦% થી ૬૫% સ્ત્રીઓ આ વ્યવસાય સાથે જોડાયેલ જોવા મળે છે.

ભારત દેશ દુનિયામાં ઝડપથી વિકસતા દેશોની સરખામણીમાં આવેલો એક દેશ છે. આપણા દેશમાં પણ ગુજરાત રાજ્ય સૌથી વિકાસ પામતું રાજ્ય છે. ગુજરાત ખેતી ઉદ્યોગની સાથે પુરા દેશમાં આગળ છે? અને તેની સાથે બીજો વ્યવસાય પશુપાલન ગુજરાત રાજ્યમાં ઝડપથી આગળ વધી રહ્યો છે. આ વ્યવસાય અર્થવ્યવસ્થામાં ઘણો મહત્વનો ફાળો આપે છે. આથી ભારત દેશમાં અપુરતા વરસાદના કારણે ખેતી નિષ્ફળ જાય છે અને ખેડૂતો બેરોજગાર બને છે. તેથી તેમને આ પશુપાલન વ્યવસાય મદદરૂપ ઉપયોગી નિવડે છે. આથી પશુપાલન વ્યવસાય દેશનો મુખ્ય બની ગયો છે.

- **પશુપાલન વ્યવસાયમાં મહિલાનો નોંધપાત્ર ફાળો.**

- **સમાજશાસ્ત્રી પ્રોફેસર ઘનશ્યામ શાહ :**

"પિતૃસત્તાક સમાજવ્યવસ્થામાં મહિલાઓ પાસે કામ કરાવવામાં આવે છે. તેમને નેતૃત્વ આપવામાં આવતું નથી."

- **ઘનશ્યામ શાહ :**

સહકારી ક્ષેત્રમાં મહિલાઓને _____ આપવામાં આવે. આ મુદ્દે ચોક્કસ બદલી શકાય છે. પંચાયતમાં વહીવટ કરે છે. કેટલીક મહિલાઓના પતિ વહીવટ કરતા હોય છે. જે ધીમે-ધીમે ઓછું થઇ રહ્યું છે. મહિલાઓની ભાગીદારી વધારે જોવા મળે છે.

ગુજરાત દૂધ સહકારી ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારી વધારવા માટે મહિલા અનામત કરવામાં આવ્યું છે. પરંતુ મહિલાઓ કુશળ વહીવટ કરી શકે તેમ છે. ઉદાહરણ તરીકે દક્ષિણ ગુજરાતનો વલસાડ જીલ્લો છે. ગુજરાતમાં વસુધારા ડેરીમાં મહિલાઓ સંચાલિત ડેરી (દૂધ મંડળી) સૌથી વધારે છે. આ જિલ્લામાં કુલ 1140 ડેરી સંઘ પૈકી 940 મહિલાઓ ડેરીનું સંચાલન કરે છે. આ ડેરીના વાઈસ ચેરમેન "સુધાબેન પટેલ" છે. ગ્રેજ્યુએશન સુધીનું અભ્યાસ કરેલ છે. ગુજરાતમાં ડેરી ઉદ્યોગમાં કુલ સભાસદોના 75 ટકા મહિલાઓ છે. ગુજરાતમાં ડેરી ઉદ્યોગનો શ્રેય મહિલાઓને જાય છે. ગુજરાતમાં 4000 થી વધુ દૂધ મંડળીઓ મહિલાઓ દ્વારા સંચાલિત છે. મહિલાઓ સશક્તિકરણ બની રહ્યાં છે.

પશુપાલન થાકી મહિલાઓ આર્થિક રીતે પગભર થઇ છે. ડેરી ઉદ્યોગના કારણે ગામડામાં બેન્કોમાં ખાતા ખોલવામાં મહિલાઓ સ્વનિર્ભર બની છે. પોતાના પરિવાર અને બાળકોના અભ્યાસ કરવામાં મદદરૂપ થયાં છે. દૂધ ઉત્પાદન ગુણવત્તા દુવ્હારવા મહિલાઓને તાલીમ આપી છે. પશુપાલનના રોગો સાથે રક્ષણ મેળવવા માટે વિવિધ વિષયની તાલીમ આપેલ છે. મહિલા સશક્તિકરણ યુગમાં ગામડાઓની મહિલાઓ સામાજિક આર્થિક સધ્ધર બન્યા છે.

ગુજરાતમાં નર્મદા યોજનાના પાણી આપવાથી ખેતી અને પશુપાલનનું મહત્વ વધારે પ્રદાન જોવા મળે છે. આખા દેશમાં શ્વેતક્રાંતિ (સફેદ) પછી જૈવ પ્રૌદ્યોગિક ક્રાંતિનું મહત્વ વધી રહ્યું છે. આપણા દેશમાં "પશુપાલન" જેના લીધે ખેડૂતોનું રોજિંદો ખર્ચ નીકળી જાય છે. એક ગાય કે ભેંસ હોય તો જીવન નિર્વાહ થઇ જાય છે. પશુપાલનના ઉદ્યોગથી ગામડાઓ સમૃદ્ધ થશે. ગ્રામ્ય વિસ્તારોનું જીવનધોરણ ઉચું આવશે. આજે ભારત સરકાર પશુપાલન ગ્રામ્ય રોજગારી મુખ્ય વ્યવસાય ગણવામાં આવે છે. પશુપાલન વ્યવસાયમાં મહિલાનો ફાળો મુખ્ય ગણાય છે. મહિલાઓ ખેતીકામમાં પુરુષો કરતાં વધારે કરે છે. પશુપાલનમાં મહિલાઓ ખુબ જ આગળ વધી રહી છે. ખાસ કરીને ૮૦% મહિલાઓ કામ કરે છે. ખાસ કરીને અભણ અથવા ઓછું ભણેલી સ્ત્રીઓ પશુપાલન માટે ખુબ જ ઉપયોગી છે. ગામડાઓમાં નાના બાળાઓ પર માતાને જોઇને ઘરના કામકાજમાં મદદરૂપ બને છે. આજે આપણો દેશ વિશ્વના ટોચના સ્થાન ધરાવે છે.

ભારતમાં દૂધ ઉત્પાદનના સહકારી માળખાના લીધે ગુજરાત મોખરાનું સ્થાન ધરાવે છે અને દૈનિક ૭૦ લાખ દૈનિક દૂધ ___ કરીને દેશની આર્થિક સ્થિતિમાં સ્ત્રીઓ મદદરૂપ થાય છે. કૃત્રિમ બીજ દાન દ્વારા આવનારી પેઢીમાં દૂધ ઉત્પાદનમાં વધારો કરી શકાય છે. મહિલાઓને પશુપાલન વિશેની જાગૃતિનો અભાવ હોય છે.

- **ભારતીય સંસ્કૃતિમાં તેમજ પશુપાલનમાં સ્ત્રીઓનો ફાળો**

સ્ત્રીઓને જાનવરો પાળવાની સહજ વૃત્તિ માનવી અને પાલતું પ્રાણીઓ વચ્ચેનું ભાવાત્મક જોડાણ કેળવવામાં મહત્વ ધરાવે છે. પશુઓની માવજત વ્યવસ્થા પાક-ઉત્પાદન કાર્ય જેવી ખેતીને લગતી

કામગીરી સ્ત્રીઓ પરંપરાગત રીતે સંકળાયેલા હોય છે. પશુપાલન અને પશુઉત્પાદનમાં સંકળાયેલા જોવા મળે છે. પશુઓમાં જોવા મળતી સિદ્ધિઓ એ સ્ત્રીઓને નામે ફાળો જાય છે. પશુપાલનમાં પુરુષ કરતા સ્ત્રીઓ વધારે મુશ્કેલીનો સામનો કરીને ઘરનું ભરણપોષણ નિભાવતી હોય છે. પોતાના બાળકો ધ્યાન રાખીને અને ઘરની પૂરી જિમ્મેદારી સાથે સ્ત્રીઓ આ પશુપાલન વ્યવસાયમાં ઉપયોગી કામ કરવામાં ખુબ જ સ્ત્રીઓ આર્થિક સ્થિતિ સુધારવામાં ખુબ જ ઉપયોગી થાય છે.

મહિલા પશુપાલકો પશુપાલન ક્ષેત્ર પ્રોત્સાહન આપવા માટે વર્ષ ૨૦૧૬-૧૭ આ યોજના બહાર પડી આ યોજના મુખ્ય ગ્રામ્ય કક્ષાના પશુપાલન વ્યવસાયમાં રોજગારી મહત્વ આ વર્ષની યોજના ૨૦૨૨ સુધી ખેડૂતોની આવક બમણી કરવામાં પશુપાલન વ્યવસાય ઉપયોગી છે.

પશુપાલન વ્યવસાયની સમસ્યાનું નિરાકરણ લાવવા માટે બહેનોને એ વિષયમાં વધુ માહિતી આપવી તથા તાલીમ આપવાની જરૂરિયાત છે. કૃષિ મહોત્સવ એ એવો કાર્યક્રમ છે જેમાં આપણે પશુપાલનને લગતાં કાર્યક્રમો પશુપાલન લગતા મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરી શકાય છે. ભારતની સંસ્કૃતિ અન્ય સંસ્કૃતિ કરતા અલગ હોય છે. ભારતમાં સ્ત્રીઓને જે સ્થાન મળ્યું છે. તે વિશિષ્ટ છે. મહિલાઓને સમૃદ્ધ અને શક્તિ ____ જોવા મળે છે. કૃષ્ણ ભગવાન સમગ્ર બાળપણમાં ગોકુળ ગાયો અને માખણ સાથે રાસ રમેલ છે. તેના ભક્તોમાં પણ ગોવાલણો ઘણી જ છે. ગાયો આપણે "કામધેનુ" કે સઘળી સમૃદ્ધિ લાવી ગાયો ઓળખી છીએ. આથી આપણા દેશમાં ખેતી સાથે પશુપાલન વ્યવસાય સ્ત્રીઓ ખુબ જ મહેનત તરીને આગળ વધારવામાં મદદરૂપ હોય છે. વૈજ્ઞાનિકોની સમાજ મુજબ પશુપાલનના કારણે ગ્રામીણ વિસ્તાર સમૃદ્ધિ બન્યા છે. આથી કુટુંબો કામધેનું બની રહ્યાં છે.

- **પશુપાલનની વિવિધ યોજનાઓ**
  - (૧) ગમાણ સહાય યોજના
  - (૨) શેડ બનાવવામાં સહાય
  - (૩) પશુઉત્પાદન વૃદ્ધિની શિબિર
  - (૪) પશુ આરોગ્ય મેળા અભિયાન
  - (૫) દુધાળા પશુઓની જાળવણી

- **મુખ્ય હેતુઓ**
  - પશુપાલન વ્યવસાયથી મહિલાઓ આર્થિક સમૃદ્ધ બન્યા છે.
  - મહિલાઓ સશક્તિકરણ મુખ્ય આર્થિક, સામાજિક, શૈક્ષણિક સ્થિતિ મજબુત બની છે.
  - મહિલાઓ ડેરી ઉદ્યોગમાં રસ ધરાવતી સ્ત્રીઓ
  - કુટુંબ અને પરિવાર સાથે અનુરૂપ

- **ઉપસંહાર**

ભારત દેશ કૃષિ પ્રધાન દેશ છે. આથી ભારત દેશની પરંપરા તેની સંસ્કૃતિ દ્વારા ઓળખાય છે. તેમાં ભારતની મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન ઉપર નિર્ભર હોય છે. તેમાં પશુપાલન વ્યવસાયમાં મુખ્ય ભાગીદારી મહિલાઓની નોંધપાત્ર ફાળો હોય છે. આથી આ વ્યવસાયથી મહિલાઓમાં સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક વગેરે પરિવર્તન જોવા મળે છે. આથી આ કામમાં ૮૦% ભાગીદારી છે. આથી

મહિલાઓ આર્થિક નિર્ભર બન્યા છે. પશુપાલન એ ભારતનો મુખ્ય વ્યવસાય બન્યો છે. આ ઉદ્યોગમાં મહિલાઓનું પ્રમાણ પણ સૌથી વધારે જોવા મળે છે.

- **સંદર્ભ સૂચિ**


- કૃષિ મહોત્સવ પરિસંવાદ-2009
- કામધેનુ યુનિવર્સીટી દ્વિમાસિક પ્રકાશન, અંક-૦૪-૦૫
- ગુજરાતી વિશ્વકોશ
- www.wikipedia.com
- www.dairyudhyog